# ૦૯-૧૦-૨૦૧૯થી ૩૧-૧૨-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન જીએસટીઆર-૩બી વિરુદ્ધ જીએસટીઆર-૨એ વચ્ચે આઇટીસીમાં આવતા તફાવતને કેવી રીતે ઉકેલશો?


**સમજો જીએસટીને**

પરેશ કપાસી




**સીજીએસટી** નિયમોના નિયમ ૩૬(૪)ના સંદર્ભમાં જીએસટીઆર-૩બી અને જીએસટીઆર-૨એ વચ્ચેની ગેરસમજણો બાબતે સ્પષ્ટતા કરવા માટે સીબીઆઇસી દ્વારા પરિપત્ર નંબર ૧૯૩/૦૫/૨૦૨૩-જીએસટી જારી કરવામાં આવ્યું છે. ૨૭ ડિસેમ્બર ૨૦૨૨ના પરિપત્ર નંબર ૧૮૩/૧૫/૨૦૨૨-જીએસટી, જીએસટીઆર-૩બી વિરુદ્ધ જીએસટીઆર-૨એમાં ૦૧-૦૭-૨૦૧૭થી ૦૮-૧૦-૨૦૧૯ દરમ્યાનના આઇટીસીના તફાવત બાબત વ્યવહાર કરવા માટે સ્પષ્ટતા કરી હતી.

નિયમ ૩૬(૪) રજિસ્ટર્ડ વ્યક્તિઓને ઇન્વૉઇસિસ અથવા ડેબિટ નોટ્સના સંદર્ભમાં પ્રોવિઝનલ આઇટીસીનો દાવો કરવાની મંજૂરી આપે છે, જેની વિગતો સપ્લાયર્સ દ્વારા સેક્શન ૩૭ના પેટા-સેક્શન (૧) હેઠળ રજૂ કરવામાં આવી નથી. આઇટીસીની પ્રાપ્તિ ચોક્કસ પ્રતિબંધો અને શરતોને આધિન છે. આ પ્રતિબંધો અને શરતો સીજીએસટી ઍક્ટના સેક્શન ૧૬માં ઉલ્લેખિત છે.

જીએસટી આઇટીસીની પ્રાપ્તિ ૧ જુલાઈ, ૨૦૧૭થી પ્રતિબંધોને આધીન કરવામાં આવી હતી. તેમ છતાં, જીએસટીઆર-૨એ મુજબ, નિર્દિષ્ટ મર્યાદાથી વધુ ઉપલબ્ધ આઇટીસીની પ્રાપ્તિ માટેના પ્રતિબંધો ફક્ત ૯ ઑક્ટોબર, ૨૦૧૯ના રોજ પૂરા પાડવામાં આવ્યા હતા. આ મર્યાદા સંબંધિત વર્ષોમાં ૨૦ ટકા, ૧૦ ટકા અને ૫ ટકા હતી. ૧ જાન્યુઆરી, ૨૦૨૨થી આઇટીસીને ફક્ત જીએસટીઆર-૨બીમાં દર્શાવેલી હશે એટલી જ હદ સુધી મેળવી શકાય છે.

**જુલાઈ ૧, ૨૦૧૭ :** જીએસટી ઍક્ટ અમલમાં આવ્યો અને આઇટીસીને પ્રથમ વાર ઉપલબ્ધ કરાવવામાં આવી. જોકે જીએસટીઆર-૨એ મુજબ આઇટીસીની પ્રાપ્તિ માટેના પ્રતિબંધો ૯ ઑક્ટોબર, ૨૦૧૯ સુધી સ્પષ્ટ કરવામાં આવ્યા નહોતા.

**ઑક્ટોબર ૯, ૨૦૧૯ :** સીજીએસટી નિયમોમાંના નિયમ ૩૬(૪) પ્રમાણે રજિસ્ટર્ડ વ્યક્તિઓને જીએસટીઆર-૨એ મુજબ ઉપલબ્ધ આઇટીસીથી વધુ આઇટીસીનો દાવો ચોક્કસ નિર્દિષ્ટ મર્યાદા સુધી કરવાની મંજૂરી આપવા માટે સુધારો કરવામાં આવ્યો હતો. આ મર્યાદા ૨૦ ટકા હતી.

**જાન્યુઆરી ૧, ૨૦૨૦ :** નિયમ ૩૬(૪) હેઠળ આઇટીસીનો દાવો કરવાની મર્યાદા ઘટાડીને ૧૦ ટકા કરવામાં આવી હતી.

**જાન્યુઆરી ૧, ૨૦૨૧ :** નિયમ ૩૬(૪) હેઠળ આઇટીસીનો દાવો કરવાની મર્યાદા ઘટાડીને ૫ ટકા કરવામાં આવી હતી.

| ટૅક્સ માટેનો સમયગાળો | જીએસટીઆર-૨એ મુજબ મહત્તમ આઇટીસીની મંજૂરી |
| --- | --- |
| ૦૯-૧૦-૨૦૧૯થી ૩૧-૧૨-૨૦૧૯ | જીએસટીઆર-૨એના ૧૨૦ ટકા |
| ૦૧-૦૧-૨૦૨૦થી ૩૧-૧૨-૨૦૨૦ | જીએસટીઆર-૨એના ૧૧૦ ટકા |
| ૦૧-૦૧-૨૦૨૧થી ૩૧-૧૨-૨૦૨૧ | જીએસટીઆર-૨એના ૧૦૫ ટકા |

**જાન્યુઆરી ૧, ૨૦૨૨ :** સીજીએસટી ઍક્ટના સેક્શન ૧૬ના સબ-સેક્શન (૨)માં કલમ (એએ) દાખલ કરવામાં આવી હતી, જે જણાવે છે કે જીએસટીઆર-૨બીમાં દર્શાવેલી હોય એટલી જ આઇટીસી પ્રાપ્ત કરી શકાય છે.

ઉપરાંત સપ્લાયર દ્વારા કર ચૂકવવામાં આવ્યો હોવો જોઈએ એ શરતને આધિન આઇટીસીની પ્રાપ્તિ થઈ શકશે. સીજીએસટી નિયમોમાંનો નિયમ ૩૬(૪) પ્રોવિઝનલ આઇટીસી પ્રાપ્તિને મંજૂરી આપે છે, પરંતુ એ પણ સમાન શરતને આધિન છે

સીજીએસટી ઍક્ટના સેક્શન ૧૬(૨)(સી) જણાવે છે કે જ્યાં સુધી સપ્લાયર દ્વારા ટૅક્સ ભરવામાં આવ્યો ન હોય ત્યાં સુધી આઇટીસીનો લાભ મેળવી શકાતો નથી. આનો અર્થ એ છે કે પ્રાપ્તકર્તા એના માટે આઇટીસીનો દાવો કરી શકે એ પહેલાં સપ્લાયરે સપ્લાય પર જીએસટી ચુકવણી કરી દીધી હોવી જોઈએ.

સીજીએસટી નિયમોમાંનો નિયમ ૩૬(૪) રજિસ્ટર્ડ વ્યક્તિઓને ઇન્વૉઇસિસ અથવા ડેબિટ નોટ્સના સંદર્ભમાં પ્રોવિઝનલ આઇટીસીનો દાવો કરવાની મંજૂરી આપે છે, જેની વિગતો સપ્લાયર્સ દ્વારા સેક્શન ૩૭ના પેટા-સેક્શન (૧) હેઠળ રજૂ કરવામાં આવી નથી. આનો અર્થ એમ થાય કે જો સપ્લાયર જીએસટી પોર્ટલ પર ઇન્વૉઇસ ફાઇલ ન કરે તો પણ પ્રાપ્તિકર્તા એ ઇન્વૉઇસ માટે આઇટીસીનો દાવો માંડી શકે છે. તેમ છતાં, જો સપ્લાયર ચોક્કસ સમયમર્યાદામાં ઇન્વૉઇસ ફાઇલ ન કરે તો આ પ્રોવિઝનલ આઇટીસીને પાછી કરવી પડે છે.

બન્ને કિસ્સામાં સપ્લાયરે કરેલા સપ્લાય પર જીએસટીની ચુકવણી કરી હોય ફક્ત ત્યારે જ આઇટીસીનો લાભ થઈ શકાય છે. સરકારને કરમાંથી એની નિયત આવક મળી રહે એ સુનિશ્ચિત કરવા માટે આવી વ્યવસ્થા કરવામાં આવી છે.

૦૯-૧૦-૨૦૧૯થી ૩૧-૧૨-૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન ફૉર્મ જીએસટીઆર-૨એ મુજબ મળતી આઇટીસીની કુલ રકમ કરતાં વધુ આઇટીસી જીએસટીઆર-૩બીમાં પ્રાપ્ત કરાઈ હોય એવા કિસ્સાઓમાં વ્યવહાર કરવાની માર્ગદર્શિકા...

૧. રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા ૨૭-૧૨-૨૦૨૨ના પરિપત્ર નંબર ૧૮૩/૧૫/૨૦૨૨-જીએસટીમાં સૂચવ્યા મુજબ જરૂરી પ્રમાણપત્ર આપ્યું હશે તો પણ વધારાની જેટલી આઇટીસી પ્રાપ્ત કરાઈ હોય એ સીજીએસટી નિયમોમાંના નિયમ ૩૬(૪) મુજબ માન્ય નહીં કરાય.

૨. ફૉર્મ જીએસટીઆર-૨એમાં નિર્દિષ્ટ મર્યાદા (૨૦ ટકા, ૧૦ ટકા અથવા ૫ ટકા જે રીતે લાગુ પડતો હોય એ પ્રમાણે) કરતાં વધારે આઇટીસી ફૉર્મ જીએસટીઆર-૩બીમાં પ્રાપ્ત કરાઈ હોય તો ૨૭-૧૨-૨૦૨૨ના પરિપત્ર નંબર ૧૮૩/૧૫/૨૦૨૨-જીએસટી મુજબ પ્રમાણપત્ર આપવામાં આવે તો એને મંજૂર કરી શકાય છે.

૩. જો દાવો કરવા પાત્ર આઇટીસી પાંચ લાખ રૂપિયાથી વધુની હોય અને જીએસટીઆર-૨એમાં આ આઇટીસી દર્શાવેલી ન હોય તો ચાર્ટર્ડ અકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર જરૂરી છે, પરંતુ જો જીએસટીઆર-૨એમાં આ આઇટીસી દર્શાવેલી ન હોય અને એની રકમ પાંચ લાખ રૂપિયાથી ઓછી હોય તો સપ્લાયર પાસેથી એક ઘોષણાપત્ર જરૂરી છે.

સરળ સમજણ માટે પરિપત્રમાં નીચે ઉદાહરણ આપેલું છે

નોંધનીય છે કે નિયમ ૩૬(૪)ની શરત નીચેના સમયગાળા માટે સંચિત રૂપે લાગુ થશે અને આઇટીસી સંચિત ધોરણે ઍડ્જસ્ટ કરવામાં આવશે.

૧. ફેબ્રુઆરીથી ઑગસ્ટ, ૨૦૨૦ (નોટિફિકેશન નંબર ૩૦/૨૦૨૦-સીટી તારીખ ૦૩-૦૪-૨૦૨૦)

૨. એપ્રિલથી જૂન, ૨૦૨૧ (નોટિફિકેશન નંબર ૨૭/૨૦૨૧-સીટી તારીખ ૦૧-૦૬-૨૦૨૧)

આ સૂચનાઓ ફક્ત ૦૧-૦૪-૨૦૧૯થી ૩૧-૧૨-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ચાલુ કાર્યવાહી પર લાગુ પડે છે, જેમાં બાકી રહેલી ઍડ્જ્યુડિકેશન અથવા અપીલ કાર્યવાહીનો સમાવેશ થાય છે. જે કરદાતાઓએ નિયમ ૩૬(૪) હેઠળ પ્રોવિઝનલ આઇટીસીને નકારીને ઍડ્જ્યુડિકેશન અથવા અપીલ કાર્યવાહીની પ્રક્રિયા દ્વારા પડકારી હોય તો આ જોગવાઈઓથી તેઓ લાભ મેળવવામાં સમર્થ થશે.


લેખક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. તેમનો સંપર્ક કરી શકો છો
feedback@mid-day.com